જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૮/૨૦૧૫ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૬૭૦/૧૫

### " મોડી રાતથી પરોઢીયા દરમ્યાન એકલદોકલ નિકળતા વેપારીઓ તથા રાહદારીઓને ઘાતક હથિયારો બતાવી લુંટ કરતી ટોળીના મુખ્ય સુત્રધારને ઝડપી પાડી ત્રીસ ઉપરાંત ગુનાઓની કબુલાત કરેલાનો પર્દાફાશ કરતી ક્રાઇમ બ્રાન્ચ પોલીસ"

નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ નાઓએ અમદાવાદ શહેરમાં મોડીરાત દરમ્યાન બનતા લુંટના ગુનાઓ શોધી કાઢવા સારૂં આપેલ માર્ગદર્શન અને સુચના અન્વયે પોલીસ ઇન્સ.શ્રી એસ.એલ.ચૌધરીના માર્ગદર્શન આધારે શહેર વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન પો.સ.ઇ.શ્રી ડી.એસ.ગોહિલ અને શ્રી સી.બી.ચૌધરીની ટીમના માણસો પૈકીના હે.કો.જયેન્દ્રસિંહ નાથુસિંહને મળેલ બાતમી આધારે તા.૧૮.૮.૧૫ ના રોજ કાલુપુર રિલિફરોડ ઉપર આવેલ રુપમ સિનેમા સામે જાહેર રોડ ઉપરથી આરોપી હર્ષ ઉર્ફે માહી ડ/ઓ ડાહયાભાઇ પરમાર ઉવ.૨૧, રહે.મકાન નં.૨૭, સંત રોહદાસનગર, વિભાગ ૧, પ્રથમ ગલીમાં, ચાંદલોડીયા ગાંધીનગરવાળા રેલ્વે સ્ટેશનની બાજુમાં, ચાંદલોડીયા, અમદાવાદ શહેરનાને ચેડા કરેલ સ્પ્લેન્ડર મો.સા.નં.જીજે-૦૧-એસસી જીજે ૦૧ એસસી ૮૧૩૪ તથા બે માઇક્રોફોન કંપનીના મોબાઇલ તથા રોકડા રુ.૧૭૦૦/૦૦ બાબતે પુછતા કોઇ સાચી હકિકત નહી જણાવતા સીઆરપીસી ૪૧(૧)ડી મુજબ કલાક ૧૫/૧૫ વાગે અટક કરી પુછપરછ દરમ્યાન આ મોબાઇલ પૈકી એક માઇક્રોફોન મોબાઇલ આજથી દસેક દિવસ પહેલા જીતેન્દ્ર સ્ટીલની સામે રાજેન્દ્રપાર્ક રોડ વેરો ઉતરતા જમણી બાજુ મુકેશનગર પાસે ચાલતા જતા બે માણસોને લુંટી લીધેલા.જેમની પાસેથી રોકડા રુ.૬૦,૦૦૦.૦૦ તથા બે મોબાઇલ ફોનની લુંટ કરેલ.જેમાં એક માઇક્રોમેક્ષ અને એક સેમસંગનો મો.ફોન હતા.આ લુંટ કરવામાં દીપુ, સુનીલ, કિશન અને મનોજ નાઓ હતા.અને અમે દીપુનું એકટીવા તથા સુનીલનું બાઇક લઇને ગયેલ હતા.આ લુંટનો મોબાઇલ માઇક્રોમેક્ષ કંપનીનો મારા ભાગે આવેલ તે હોવાનુ જણાવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

સદરી આરોપીની પુછપરછ દરમ્યાન પોતે તથા દિપુ, સુનીલ, મનોજ, વિશાલ અને કિશન નામના માણસો સાથે મળી કાળા રંગની સીટી હોન્ડા એકટીવા તેમજ સ્પ્લેન્ડર મો.સા.ુપર બેસી આજથી આશરે છ માસથી આજદિન સુધીમાં શહેરકોટડા ઓઢવ રામોલ ખોખરા અમરાઇવાડી બાપુનગર ગોમતીપુર કુષ્ણનગર અને નિકોલ વિસ્તારમાં મોડી રાતથી પરોઢીયા દરમ્યાન એકલદોકલ નિકળતા વેપારીઓ તથા રાહદારીઓને ઘાતક હથિયારો બતાવી લુંટ કરેલાની કબુલાત કરેલ છે.

**<u>ચોરીના મોબાઇલ ફોન સાથે એક આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ.</u>**

નાયબ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ અને મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી સાયબર ક્રાઇમ સેલ નાઓની સુચનાથી પો.સ.ઇ શ્રી રાજેશ સુવેરા નાઓ અમદાવાદ શહેરમાં બનતા મિલકત વિરુદ્ધના ગુન્હાઓ શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં નિકળેલ દરમ્યાન પો.કોન્સ.રમેશગીરી ભાનુદાસગીરી નાઓને મળેલ ચોકકસ બાતમી હકિકત આધારે નરોડા પાટીયા સર્કલ ખાતેથી આરોપી સંજય બાબુભાઇ રાકાણી ઉવ.૨૭ રહેવાસી ડી વોર્ડ મકાન નં.૧૮૯, મોચીપાડા જય રણછોડ પાણીની પરબની બાજુમાં કુબેરનગર અમદાવાદ શહેર નાઓને એક લીનોવો કંપનીના મોબાઇલ ફોન કિં.રુ.૫૫૦૦/- સાથે પકડી પાડેલ છે.

પકડાયેલ આરોપીની સઘન પુછપરછ કરતાં આરોપી સંજય રાકાણી અગાઉ આવા પ્રકારની ચોરીના ગુન્હામાં ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં પકડાઇ ચુકેલ છે સદર મોબાઇલ ફોન આ સંજય રાકાણી તથા તેનો એક સાગરીતે મળી કૃષ્ણનગર ખાતે આવેલ એક સિનેમામાંથી પબ્લીકની ભીડનો લાભ લઇ ચોરી લીધેલ હોવાનુ જણાવે છે. તેમજ આ આરોપીએ તેના સાગરીત સાથે આવા પ્રકારના અન્ય કેટલા ગુન્હા આચરેલ છે તે બાબતે ક્રાઇમ બ્રાન્ચ તપાસ ચલાવી રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)